# *પદયાત્રા સંઘની આધ્યાત્મિક પરિમલ

વિશ્વના મહદ્ વાતાવરણમાં પ્રાતઃકાળ એ અવનવા ભાવોનું ઉત્પાદક છે; છતાં રાત્રિના અંધકારનો ક્રમશઃ નાશ કરતું, દિવસના થાકનો શ્રમ રાત્રિએ નિદ્રાદ્વારા દૂર કરી જાગૃત થયેલા પ્રાણીઓમાં નવીન આશા રેડતું, ભક્તજનોના હૃદયોને ઇષ્ટદેવોના નામઘોષથી વિકસિત કરતું, આધ્યાત્મિક જીવનમાં યોગબળ અર્પતું અને સંસારના સર્વ પ્રાણીઓને જન્મની સાથે જ મૃત્યુની ભાવના છે–તેવું સૂચવન કરતું પ્રભાત મનુષ્યના અંતઃકરણમાં વિલક્ષણ ચમત્કાર કેમ ઉપજાવતું નથી? શું આ કાળમાં એ પ્રભાતની અદ્ભુત શક્તિનો હ્રાસ થઈ ગયો છે? ના; એમ નથી જ. શાસ્ત્રકારો એમ કહે છે કે મનુષ્ય હૃદયની ભૂમિકા જ્યાં સુધી અમુક સ્થિતિ–મર્યાદા સુધી ખેડાઇને તૈયાર થઈ નથી, ત્યાં સુધી એ પ્રભાતનું સામર્થ્ય તેના હૃદય ઉપર પ્રકાશ નાંખી શકે નહિ. ત્યારે એ પ્રકાશથી હૃદયને વિકસિત કરવાને માટે એટલે કે એ

---

* અમારા સ્વ૦ પૂ૦ **પિતાજી**ના સંકલ્પાનુસાર વિ૦ સં૦ ૧૯૭૧ માં **ભાવનગર**થી શ્રી **સિદ્ધક્ષેત્ર** પ્રતિ છ–**'રી'** પાળતાં, સહકુટુંબ, સંઘ, પ૦ પૂ૦ ઉ૦ મહારાજ શ્રી **વીરવિજયજી**, પૂ. પં. મ. શ્રી **દાનવિજયજી**, પૂ૦ મુ૦ શ્રી **પ્રેમવિજયજી**, પૂ૦ મુ૦ શ્રી **રામવિજયજી**ની નિશ્રામાં કાઢયો તે પ્રસંગે **ટાણા**-મુકામમાં પૂજા ભણાવવાના–કાંઈક અનુભવરૂપે વિ૦ સં૦ ૧૯૭૨ માં લખાયેલો પ્રસ્તુત લેખ છે. પોષ શુદી ૫ પ્રભાતે શ્રી ચતુર્વિધ સંઘ લગભગ પોણોસો સાધુસાધ્વીઓ સાથે તથા લગભગ તેરસો સ્ત્રીપુરુષો સાથે રવાના થઇ પ્રથમ **વરતેજ** મુકામે, પછી **દેવગાણા, ટાણા, બુઢણા** અને **પાલીતાણા** પહોંચ્યો હતો. પાલીતાણામાં શેઠ **આણંદજી કલ્યાણજી** તરફથી ભવ્ય સામૈયું થયું હતું. મોટી ટોળી–નાની ટોળી વગેરે અમારા સ્નેહી કાપડીઆ બંધુઓએ કીનખાપ, અતલસ, વાસણો વગેરેની ભવ્ય શોભા સાથે માર્ગો સુશોભિત બનાવ્યા હતા. અને પોષ શુદી ૧૧ શ્રી **સિદ્ધાગરિ તીર્થાધિરાજ** સન્મુખ સહકુટુંબ **તીર્થ-માલા–પરિધાન** થયું હતું અને નીચે **નવકારસી**નું સ્વામિવાત્સલ્ય કરવામાં આવ્યું હતું. આ રીતે જીવનમાં અમારા માટે પ્રશસ્ત અદ્ભુત પ્રસંગ હતો અને તે દ્વારા અપૂર્વ આત્મિક લાભ મેળવવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું હતું. **(ફ.ઝ.)**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકાશને ઝીલવાને માટે એ ભૂમિકાને તૈયાર કરવી જોઇએ; અને તેને જ માટે વિવિધ પ્રયાસો જુદા જુદા પ્રકારે યોગ્યતા અનુસાર પ્રયોજેલા છે. પ્રાતઃકાળ એ ગત દિવસના સર્વભાવોનું વિસ્મરણ કરાવી "જાગ્યા ત્યારથી સવાર" એ સાદી પણ ઉચ્ચ પ્રકારની જાગૃતિ સૂચક કહેવતને પોષનાર ઉત્તમ સમય છે. રાત્રિ દૂર થઈ પ્રાતઃકાળ જેનો ભાગ્યયોગ બળવાન્ હોય તેને જ પ્રાપ્ત થાય છે, કેમકે તે વખતે આજના દિવસમાં મારે કેવી રીતે કયા સંજોગોમાં વર્તવાનું છે–એવા પ્રશ્નનો ઉદ્‌ભવ થાય છે, અને તે ઉપરથી દિવસનો કાર્યક્રમ નક્કી થાય છે. રાત્રિ ફરીથી ન આવે ત્યાં સુધી, એ જેટલા પ્રકારમાં શુભ સંયોગોને અવલંબી લાભ લેવાય તેટલો લેવાનું પ્રેરક બળ (motive power) સમર્પે છે.

જે સમયે રાત્રિએ આ જગત્ ઉપરથી પોતાનો અંધકારપટ સમેટી લીધો છે, તારાઓનું તેજ મંદ થતું જાય છે, અને પક્ષીઓ પણ પોતપોતાના માળામાં તૈયાર થઈ જુદી જુદી દિશાએ ઉદરપૂર્તિ અર્થે જવાને કિલકિલાટ કરી રહ્યા છે તેવા **શિશિર ઋતુ**ના પ્રાતઃકાળના સમયે **પોષ શુકલ પંચમી**એ–એક વખત અનેક શિષ્ય પ્રશિષ્યથી પરિવૃત એક સચ્ચારિત્રધર મહાત્માની કૃપાવૃષ્ટિથી સિંચન થતો એક **સંઘ** ભાવનગરથી શ્રી **સિદ્ધગિરિ**ને ભેટવા અત્યંત આતુરતાથી પગભર થઈ, તે મહાત્માના પગલાંને અનુસરતો પ્રયાણ કરતો હતો. માર્ગમાં સૌરાષ્ટ્ર દેશના નાના ગ્રામોમાં રોકાઈ **સિદ્ધગિરિજી**ની પ્રાપ્તિના દિવસોનું અંતર કમી કરતો હતો. માર્ગમાં એક ગ્રામમાં(**ટાણામાં**) જ્યાં સંઘે નિવાસ કર્યો ત્યાં, મધ્યાહ્ને સિંહાસન ઉપર મૂર્તિ પધરાવી સ્નાત્રવિધિ પૂર્ણ કરી મંડપમાં પૂજા ભણાવવાનું વિધિ અનુસાર શરૂ કરવામાં આવ્યું; મનુષ્યોથી મંડપ ચીકાર ભરાઈ ગયો હતો; તે પ્રસંગે સંઘ મહોત્સવ નિમિત્તે બોલાવેલા દરબારી ઉસ્તાદ ભોજકે પૂજા ભણાવવી શરૂ કરી; એ ઉસ્તાદનો કંઠ મધુર હતો, તે સાથે સાજની એવી એકતા હતી કે બીન અનુભવી શ્રોતાને પણ આલ્હાદ ઉપજે તેવું હતું; આ સમયે **રૂપાની ઘંટડી જેવા** કોમળ અને શ્રોતાઓને મુગ્ધ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બનાવી દે તેવા સ્વરવાળા પૂર્વોક્ત મહાત્માને એક પૂજા ભણાવવાનું કહેવામાં આવ્યું. જેથી આ પ્રકારે તેઓએ સુંદર આલાપ કર્યો, જેનો અર્થ વિચારતાં ચિત્તને અતિ આલ્હાદ ઉપજતો હતો, અને જેના ભણકારા અનેક ક્ષણો સુધી ચિત્તમાં આનંદના ધ્વનિઓ ઉપજાવી શાંતિ અર્પતા હતા; તે સુંદર પૂજાનું આપણે અહીં અવતરણ કરી એમાં શું ગંભીર આશય છે તે વિચારીએ.

મિટ ગઈ રે અનાદિ પીર,
ચિદાનંદ જાગો તો સહી, (અંચલી)
વિપરીત કદાગ્રહ મિથ્યારૂપ જે, ત્યાગો તો સહી;
જિનવર ભાષિત તત્ત્વરુચિ ઢિગ, લાગો તો સહી.
મિટ ગઈ૦ ૧

દર્શન વિના જ્ઞાન નહિ ભવિને, માનો તો સહી,
વિના જ્ઞાન ચરણ ન હોવે, જાણો તો સહી.
મિટ ગઈ૦ ૨

નિશ્ચય કરણ રૂપ જસ નિર્મળ, શક્તિ તો સહી,
અનુભવ કરત રૂપ સબ છંડી, વ્યક્તિ તો સહી.
મિટ ગઈ૦ ૩

સત્તા શુદ્ધ નિજ ધર્મ પ્રકટ કર, છાનો તો સહી,
કરણ રુચિ ઉછલે બહુ માને, ઠાનો તો સહી.
મિટ ગઈ૦ ૪

સાધ્યદૃષ્ટ સર્વ કરણી કારણ, ધારો તો સહી,
તત્ત્વજ્ઞાન નિજ સંપત માની, કરો તો સહી.
મિટ ગઈ૦ ૫

**આત્મારામ** આનંદ રસ લીનો, ધ્યારો તો સહી,
જિનવર ભાષિત સત્ય માન કર, સારો તો સહી.
મિટ ગઈ૦ ૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રીમદ્ વિજયાનંદસૂરિજી શું કહે છે? હે સચ્ચિદાનંદ ઘનસ્વરૂપ આત્મન્! અનાદિ કાળની પીડા રૂપી રાત્રિ હવે દૂર થઈ છે, માટે જાગૃત થઓ. મિથ્યાત્વરૂપી વિપરીત ભાવવાળો આગ્રહ તજી જિનેશ્વર કથિત તત્ત્વજ્ઞાનમાં અત્યંતપણે પ્રેમ કરો. આ પદમાં એમ દર્શાવે છે કે આ આત્મા અત્યાર સુધી નિદ્રામાં હતો. હવે કર્તા કહે છે કે **જિનેશ્વર** પ્રભુ જેવું આવું સબળ આલંબન મળ્યું, મનુષ્ય જન્મ અત્યંત પુણ્યની રાશિ એકઠી થવા પછી પ્રાપ્ત થયો તો હવે ક્યાં સુધી તું ઉંઘીશ? શાસ્ત્રકારોએ સ્વપરનો વિવેક થવો એને જ આત્માની જાગૃતિ કહી છે અને એ જાગૃતિ મિથ્યાવાસના દૂર થવાથી જ થાય છે. આત્મા કોણ છે? તેને અને તેની આસપાસના સંયોગોનો શું સંબંધ છે? વાસ્તવમાં વિચારે તો જન્મ વખતે જે કાંઈ સાથે લાવ્યો નથી તે મૃત્યુ પછી શું સાથે લઈ જવાનો છે? જે જે પૌદ્ગલિક સ્થૂળ સંબંધો જન્મ પછી તેણે પોતાની આસપાસ વીંટાળ્યા છે, તેના બંધો માત્ર ઉપચરિત છે. તત્ત્વદૃષ્ટિએ આત્માને કાંઈ લાગતું વળગતું નથી. જે હર્ષ શોકમાં કે સુખ દુઃખમાં તે અન્ય નિમિત્તો દેખીને મગ્ન થાય છે, તે મૂળ સ્વરૂપમાં તેના પોતાના હોતા નથી. માત્ર પૂર્વની ટેવો, અભ્યાસ અને સંસ્કારથી પરિચિત થયેલા આત્માઓમાં તેવી અસર શીઘ્ર થાય છે અને નવાં કર્મોને ઉપાર્જન કરી આત્મજાગૃતિથી બેનસીબ રહે છે. જ્યારે વિવેકદૃષ્ટિસંપન્ન પુરૂષો સ્વપર વસ્તુનો ગુરૂદ્વારા–શાસ્ત્રદ્વારા નિર્ણય કરી લે છે પછી અનાદિ કાળની વાસનાઓ ઉપર દરરોજ પ્રબળ કુહાડાઓ મારી તેનું બળ ક્ષીણ કરતા હોય છે અને આત્મ-દર્શનમાં આગળ વધતા હોય છે–એ વિવેકદૃષ્ટિવડે જ એમની અનાદિ તીવ્ર મોહની પીડા દૂર થવા પછીની જાગૃતિ બને છે. એ જાગૃતિમાં બહિરાત્મભાવ (Subjective Condition) દૂર થઈ આત્મા અંતરાત્મ–ભાવ (Objective condition)માં પ્રવેશ કરે છે. તે સમયે તેને જિનદર્શન –સત્યદર્શનના તત્ત્વોમાં **પ્રતીતિ** થાય છે અને શુદ્ધ માર્ગ ઉપર તે ઉભો રહે છે; હવે તે અત્યારસુધી ભૂલો પડ્યો હતો, ત્યાંથી મૂળ રસ્તા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપર આવી આત્માની જુદી જુદી અવસ્થાઓ છે તેમાં પ્રથમ સુષુપ્તિ છે. આ આત્મા અનાદિકાળથી મિથ્યા વાસનામય ગાઢ નિદ્રામાં સુતો છે–તેવી સ્થિતિમાંથી વિશિષ્ટ પ્રકારના ક્ષયોપશમથી પંચેંદ્રિય અને મનોબળરૂપ સાધન પામી સદ્ગુરુદ્વારા અથવા શાસ્ત્રદ્વારા સ્વહિત શ્રવણ કરી–તેનું પાલન કરવા તત્પર થાય છે–તે જાગૃત દશા છે. આ **જાગૃત દશા** પ્રાપ્ત થયા પછી જ સદ્ગુરુનો ઉપદેશ આત્માને અસર કરે છે, નહિ તો ઉપર ક્ષેત્રમાં વૃષ્ટિની માફક નિરર્થક નિવડે છે. જ્યારે વસ્તુસ્વરૂપને આત્મા ઓળખે છે, હેયોપાદેયનો વિવેક સમજે છે, શરીર, ધન, પુત્ર, સ્ત્રી, હવેલી, અલંકારો વગેરેને **પર** માની લેવા જેટલી શક્તિ ધરાવે છે ત્યારે રાગ અને દ્વેષ પરિણતિ, જે મનરૂપ સાધનદ્વારા તેને વારંવાર મુંઝવતી હતી, તે અલ્પ પરિસ્થિતિમાં અસર કરી શકે છે. કેમકે સત્ય સ્વરૂપની શ્રદ્ધા અહીં થતી હોવાથી અન્ય વિકલ્પો દૂર થઈ જાય છે, અનાદિ કાળથી જે આત્માને અનેક પ્રકારની પીડાઓ પૈકી એક પ્રબળ પીડા હતી તે ઓછી થાય છે, અને એ રીતે આત્મા અમુક અંશે એમાંથી મુક્ત થાય છે.

સદ્ગુરુનો યોગ અને સર્વજ્ઞ શાસ્ત્ર પોતાની આગળ પ્રાપ્ત થયાં છતાં જે આત્માઓની સુષુપ્તિ દૂર થઈ નથી તેમને હજી પૂર્વ પરિચિત સંસ્કારોની નિવિડતા મટી નથી. જે **ભાવ મન** અહીં પ્રાપ્ત થયેલું છે તેના ઉપર પૂર્વ ભવના સંસ્કારોની છાપ પડેલી જ હોય છે. જો તે સહજમાં નિવારણ થઈ શકે તેમ હોય તો આવા નિમિત્તોથી થાય છે. અન્યથા મનુષ્ય જન્મ, યોગ્ય ક્ષયોપશમ શક્તિ પ્રાપ્ત કર્યા છતાં કોઇ પણ પ્રકારના ચોક્કસ લાભ વગર પૂર્ણ કરે છે. જિનેન્દ્રકથિત તત્ત્વો ઉપર રુચિ એ **સમ્યગ્દર્શન** અથવા આત્માની એક વિશિષ્ટ પ્રકારની ઉત્ક્રાંતિ છે, જે તેને સર્વથા મુક્ત કરવામાં અચૂક સાધન તરીકે કામ લાગે છે. એટલું તો ચોક્કસ છે કે જો મનુષ્ય જન્માદિ શુભ સામગ્રીઓ પામીને શાસ્ત્રના નિર્ઘોષો આપણા કાન ઉપર અથડાવા છતાં નવું ચૈતન્ય સ્ફુરાવે નહિ, તો અમુક પ્રકારના દુઃખોત્પાદક નિમિત્તથી જ્યારે આત્મ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જાગૃતિ થશે ત્યારે પશ્ચાત્તાપનો પાર રહેશે નહિ અને જે પરિસ્થિતિઓ પોતાની આસપાસ વિચારોની યુવાન અવસ્થામાં એકત્રિત થયેલી હતી તે મળવી મુશ્કેલ થશે. જ્ઞાન ઘન અને અખંડ આનંદ-સ્વરૂપ પોતાના આત્માને જગત્‌ના અનંત પદાર્થોમાંથી ઓળખી કાઢવો-એ કાંઈ જેવી તેવી વાત નથી. તેને જ માટે શાસ્ત્રોનો પ્રયાસ છે, તેને જ માટે સર્વ ક્રિયાકાંડો છે, તેને જ માટે વિદ્વાનોનો વિલાસ છે; તેને ભૂલી જવાથી અન્ય વસ્તુ ઉપર જે કદાગ્રહની વૃદ્ધિ થવા પામી હતી તે આત્માની જાગૃતિથી દૂર થાય છે, અને જિનોક્ત સત્ય સ્વરૂપને (abstract ideal) ઓળખે છે.

**સૂરિજી મહારાજ** તેટલા માટે બીજા પદમાં એમ કહે છે કે સમ્યગ્‌-દર્શન થયા વગર સમ્યગ્‌જ્ઞાન સંભવતું નથી તેમ જ સમ્યગ્‌જ્ઞાન વગર ચારિત્ર હોઈ શકે નહિ તે બરાબર છે. આપણે એટલું તો જાણીએ છીએ કે શાસ્ત્રો અને ઉપદેશ એ શ્રુતજ્ઞાનનાં નિમિત્તો છે. આત્મામાં સત્તારૂપે રહેલું જ્ઞાન પ્રકટાવવાને તે કારણો છે. પરંતુ એ જ્ઞાન આત્મા સાથે તદાકાર પરિણત જો **સમ્યગ્‌દર્શન** પ્રાપ્ત થયું હોય તો જ થઈ શકે. કેમકે વ્યવહારમાં આપણને શ્રદ્ધા વગર કોઈ પણ .વસ્તુનું સત્ય જ્ઞાન પ્રાપ્ત થઈ શકતું નથી; તો સત્ય તત્ત્વની પ્રતીતિ થયા વગર સત્યજ્ઞાન શી રીતે પ્રાપ્ત થઈ શકે ? આ રીતે એકડા વગરના મીંડાની જેમ સમ્યગ્‌-દર્શન વગરના જ્ઞાનની સ્થિતિ છે. ગમે તેટલું ભણી જાઓ, સંખ્યાબંધ પંક્તિઓને ગોખી કંઠસ્થ કરો, દુનિયાને વાચાળતાથી આંજી દેવા પ્રયત્ન કરો, પરંતુ અંદર આત્મામાં તત્ત્વરુચિ થઈ નથી તો એ તમારું જ્ઞાન સ્થાયી અસરવાળું થઈ શકતું નથી. આમ હોઈ સૌથી પ્રથમ આત્મામાં **સમ્યગ્‌દર્શન** ગુણ કેવી રીતે પ્રકટે તેનો પ્રયાસ કરી તે પ્રમાણે પ્રગટાવવાની જરૂર છે; તે સ્થિતિની પછી પ્રાપ્ત થતા જ્ઞાનને **ભાવનાજ્ઞાન** શાસ્ત્રકારે કહેલું છે અને તે જ જ્ઞાન વાસ્તવિક છે. તે જ્ઞાનનું અજીર્ણ કદાપિ થતું નથી. ઉલટું તે જ્ઞાન **વિરતિ** વગેરે ગુણોનો સંગ્રહ કરવામાં સાધનભૂત થાય છે. એ રીતે ઉત્તરોત્તર આત્માના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિકાસનો અનુક્રમ સધાય છે; આમ હોઇને જ શાસ્ત્રકારે સમ્યગ્દર્શન વગરના નવ પૂર્વ સુધીના જ્ઞાનને **અજ્ઞાન** કહીને જ સંબોધ્યું છે. ज्ञानस्य फलं विरतिः–એ સૂત્રને આ પદ યથાર્થ ન્યાય આપે છે. આત્મ-પ્રદેશોમાં સમ્યગ્દર્શન પ્રકટ થયા વગરનું, આત્માએ મેળવેલું જ્ઞાન એ જ્યારે અજ્ઞાન જ છે તો બીજનું આધાન થયા વગર ફળ ક્યાંથી હોઈ શકે ? પરંતુ સમ્યગ્દર્શનની પ્રાપ્તિની સાથે જ દુનિયામાં પ્રયાસ કરી મેળવેલું જ્ઞાન **સમ્યગ્જ્ઞાન** રૂપે પ્રકટે છે અને તે જ્ઞાન ઉત્તરોત્તર ભોગ તૃષ્ણા, સાંસારિક પ્રપંચો અને મિથ્યા વાસનાઓમાંથી વિરમણ કરવાને આત્માને દરરોજ સૂચવે છે. દિવસ કે રાત્રિમાં આત્માથી જે કાંઈ ભોગ તૃષ્ણા અથવા જે કાંઈ વાસનાઓ પૂર્વ પરિચિત સંસ્કારોથી પ્રબળપણે સેવન કરાતી હોય તેને તે જ્ઞાન હચમચાવે છે, અને પ્રતિક્ષણે તેના ઉપર, આત્માને જય મેળવવા માટે પ્રાર્થના કરે છે. જ્ઞાન સમ્યક્ સ્વરૂપવાળું થવાથી આત્મા તેની પ્રાર્થના સ્વીકારતો જાય છે, અને જેમ જેમ વિરાગભાવ વધતો જાય છે, તેમ તેમ મેળવેલું જ્ઞાન એ સત્યજ્ઞાન સ્વરૂપ છે, તેમ આત્માને પ્રતીતિ થાય છે. આત્મગુણના વિકાસનો ઉત્તરોત્તર ક્રમ આવો હોવાથી **સૂરિજી મહારાજ** આત્માને સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાનું પ્રથમથી જ સૂચવે છે.

તૃતીય અને ચતુર્થ પદમાં **સંગ્રહનય** અને **એવંભૂત** નયથી આત્મસ્વરૂપનું દર્શન કરાવ્યું છે. આ આત્મામાં **શક્તિરૂપે** સમ્યગ્-દર્શન રહેલું છે. પરંતુ જ્યારે સર્વ વિભાવ દશા તજી શુદ્ધ ધર્મ પ્રકટ કરવા તરફ સાધક તૈયાર થાય છે, ત્યારે તે સ્વરૂપ **વ્યક્ત** થાય છે. **સંગ્રહનય** આત્મામાં સત્તારૂપે સર્વ ગુણો છે, તેમ સ્વીકાર કરે છે; પરંતુ **એવંભૂત નય** જ્યારે તે ગુણો પ્રકટ થાય છે ત્યારે જ તે ગુણોનું અસ્તિત્વ માન્ય રાખે છે. તેથીજ શ્રીમદ્ **દેવચંદ્રજી** વદે છે કે—

> **એમ અનંત પ્રભુતા સદ્દહતાં, અર્ચે જે પ્રભુ રૂપજી;**
> **દેવચંદ્ર પ્રભુતા તે પામે, પરમાનંદ સ્વરૂપજી.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ રીતે સત્તામાં રહેલો શુદ્ધ ધર્મ–સ્વરૂપ પ્રકટ કરતાં અત્યંત બહુમાનપૂર્વક આત્મિક વીર્ય ઉલ્લસાયમાન થાય છે. આ પ્રસંગે આત્માની સ્થિતિ પોતે અનુભવ કરનાર જ જાણે છે. કેમકે અનાદિ કાળથી પૂર્વ પરિચિત ટેવોમાં ટેવાયલો આત્મા એકદમ સત્ય વસ્તુનું ભાન થતાં કાંઈક નવા સ્વરૂપમાં પોતાને જુવે છે અને અવર્ણનીય આનંદ તે પ્રસંગે અનુભવે છે. જેમ પર્ણકુટીમાં નિરંતર વસનાર અને નિદ્રા વખતે તેવા જ સંસ્કારોમાં સુનાર–જાગૃતિ સમયે પોતાને કોઇ વિદ્યાધરના પ્રયોગથી દિવ્ય ભુવનમાં આવેલો દેખે, તે સમયે તેના હૃદયમાં જે ચમત્કાર ઉપજે છે તેવો જ કાંઈક ચમત્કાર આ સમયે પ્રકટે છે. તેનું વર્ણન ગમે તેવી કસાયલી કલમ કરી શકતી નથી, અને ગમે તેવો વકતા વિવરણ કરી શકતે. નથી **માર્ગાનુસારી**ના પાંત્રીસ ગુણો સામાન્ય રીતે આત્મામાં દાખલ થયા પછી સમ્યક્ત્વની પ્રાપ્તિ માટે તેને **યથાપ્રવૃત્તિ** આદિ ત્રણ **કરણ** કરવા પડે છે. આ **કરણ** એ આત્મવીર્યની સ્ફુરાયમાન જુદી જુદી અવસ્થાઓ છે. એ અવસ્થાઓ પસાર કર્યા પછી **સમ્યક્ત્વ** નામે ગુણ પ્રાપ્ત થાય છે. ભવિતવ્યતાના યોગે કહો કે અજાણ્યે આત્મબળની એકાએક વૃદ્ધિથી કહો, અષ્ટકર્મ પૈકી આયુષ્યકર્મ વિના શેષકર્મની એક કોડાકોડી સાગરોપમની સ્થિતિથી કાંઈક ન્યૂન સ્થિતિવાળો થાય છે ત્યારે જે આત્મવીર્ય તેનું હોય છે તેને જ્ઞાનીઓએ **યથાપ્રવૃત્તિકરણ** એવું નામ આપેલું છે. તેટલા સંયોગો પ્રાપ્ત થયા પછી જે આત્મવીર્ય, પ્રગતિ કરતાં રાગદ્વેષની નિવિડ ગ્રંથિ તોડે તેને **અપૂર્વકરણ** એવું નામ આપેલું છે. અને પછી **અનિવૃત્તિકરણરૂપ** જે આત્મવીર્ય સમ્યગ્દર્શન પ્રાપ્ત કરાવવાપૂર્વક–અવશ્ય અર્ધ પુદ્ગલ પરાવર્ત જેટલા મોડામાં મોડા કાળમાં પણ આત્માને સર્વથા મુકત કરાવી આપે છે તે પામ્ર થાય છે. પરિણામની વિશુદ્ધિએ અહીં આત્મા **સમ્યક્ત્વ** પ્રાપ્ત કરે છે. **શક્તિરૂપે રહેલો તે ગુણ વ્યક્તરૂપે અનુભવે છે.** આ વખતે દર્શન મોહનીય ત્રિક તેમ જ અનંતાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભનો કાં તો સર્વથા ઉપશમ થાય છે, અથવા તેટલા કાળ સુધી ઉદયમાન થતા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ આસુરી સત્ત્વોનો ક્ષય અને ભવિષ્યમાં ઉદય થતો એ સત્ત્વોનો ઉપશમ–એવા પ્રકારની ક્રિયા આત્મામાં ચાલી રહે છે. તેમાંથી સર્વ પ્રકૃતિનો ક્ષય થાય તો ક્ષાયિક સમ્યક્ત્વ ગણાય છે. આવી પરિસ્થિતિમાં જીવને આત્મતત્ત્વ સંબંધી નિર્ણય થાય છે. તે એમ માને છે કે આત્મા નિત્ય છે, કર્મોનો કર્તા છે, સ્વકૃત કર્મોનો ભોકતા છે, મુક્તિ છે અને મુક્તિના ઉપાયો છે; તેને આ સ્થિતિ ચોળ મજીઠની જેવી દઢ પ્રતીતિવાળી હોય છે. આવા તત્ત્વોને **સર્વાંગ સત્યપણે** પ્રતિપાદન કરતા જિનોક્ત સિદ્ધાંત ઉપર એ પ્રતીતિનો પ્રવાહ વહે છે, અને **જિન અને જિનદર્શન સિવાય** અન્ય સિદ્ધાંતો અપૂર્ણ સત્યવાળા છે– તેમ દઢ શ્રદ્ધા પ્રકટે છે. અહીં એવો પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે સમ્યક્ત્વવાન આત્માનું બાહ્ય લક્ષણ શું હોઈ શકે? અત્ર સ્થાને શાસ્ત્ર જે ઉત્તર આપે છે તે એ છે કે, તે આત્મા સર્વ જીવોને મિત્રભાવે ગણી હિતબુદ્ધિમાં જ સદા તત્પર હોય છે, કદાચ કોઈ પ્રાણી તેનું અહિત કરે તો તે વિચારે છે કે પૂર્વ પરિચિત સંસ્કારોને તે પ્રાણી આધીન હોવાથી તેની બુદ્ધિ મારા તરફ વિપરીત ભાવે પરિણામ પામી છે, તેમ જ મને જે અનિષ્ટ પરિણામવાળું ફળ મળ્યું તે પણ મારા પૂર્વકર્મના ઉદયે જ થયું છે. તે પ્રાણી તો પોતાના અને પરના કર્મના વિનિયોગ માટે નિમિત્ત માત્ર હતો–એમ વિચારી તે પ્રાણીનું મનથી પણ અનિષ્ટ ચિંતવે નહિ તેમ જ પરને સુખી જોઈ પોતે ખુશી થાય છે. सर्वे संतु निरामयाः–मा च भूत्कोऽपि दुःखितः એ ભાવનાને સતતપણે ધારણ કરે છે; ગુણો ઉપર રુચિ થવાથી જ્યાં જ્યાં ગુણીજનોને દેખે અથવા જ્યાં જ્યાં ગુણોના આવિર્ભાવો તેના જાણ્યામાં આવે ત્યાં ત્યાં તેની રોમરાજિ વિકસ્વર થાય છે અને તુરત નમી પડે છે, અને તેની ઉપાસના કરવા મંડી પડે છે. પરંતુ કોઈ પ્રાણીની નિંદા તો કરતા જ નથી. અતિ પાપી જીવ ઉપર પણ સુધારવાને માટે યથાશક્તિ પ્રયાસ કરે છે; છતાં એ મનુષ્યની સુધારણાની યોગ્યતા–પાત્રતા પોતાની શક્તિ ઉપરાંત અસાધ્ય હોય તો તેની ઉપેક્ષા કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપરોક્ત હેતુને અવલંબીને સમ્યક્ત્વ પ્રાપ્ત થયા પછીની જે સ્થિતિ ચતુર્થ અને પંચમ પદમાં દર્શાવી છે તે યથાર્થ છે. સમ્યક્ત્વવાન્ આત્માની સર્વ કરણી મુક્તિરૂપ સાધ્યને સન્મુખ રાખીને જ હોય છે. એ સમ્યગ્દર્શનરૂપ ગુણની પ્રાપ્તિ ટકવાનો અમોઘ ઉપાય છે. દુનિયાના જે જે શુભાશુભ પ્રસંગોનો સમ્યક્ત્વવાન્ આત્માને મેળાપ થાય છે, તેમાં સાક્ષીરૂપે રહી તે તે કાર્યોને ઉચિત ન્યાય આપે છે. પરંતુ તેમાં પણ જે કાંઇ અયોગ્ય અને અનુચિતપણું, વિષય કષાય અને પ્રમાદના દોષોથી ઉપલબ્ધ થયું હોય તેને માટે પશ્ચાત્તાપ કરે છે, અને તેનો આત્મા તેવા પ્રસંગોની ઠોકરોથી સાવચેત થતો હોય છે. **સાધ્યદૃષ્ટિ** તે આનું નામ છે. **નિશુકપણું** તો સમ્યગ્દર્શનની હયાતીમાં નાબૂદ થઇ ગયેલું જ હોય છે. અનાદિકાળથી જે મન મર્યાદા વગરના વિકલ્પો કરતું હતું તે હવે કાંઇક સ્વરૂપમાં મર્યાદામાં આવી જાય છે, અને કેટલીક પરિસ્થિતિમાં અપરિમિત વિકલ્પોને રોકી શકવાના સામર્થ્યવાળું બને છે. મનોબળમાં આ પ્રકારે વિજળીનો ઝણઝણાટ પ્રકટવાથી તે અધિક વેગવાળું બને છે. કેમકે કુવિકલ્પો આવતાંની સાથે જ સાધ્યદૃષ્ટિ તરફ આત્માનું લક્ષ્યબિંદુ હોવાથી તે વિકલ્પોને વધતાં અટકાવે છે અથવા તે ન અટકી શકયા, તો નિરાશાવડે, પુનઃ જાગૃત થઈ ભવિષ્યમાં તેના ઉપર વિજય મેળવવા માટે બળનો સંચય કરે છે. આ કાર્ય તેની પ્રવૃત્તિ ઉપર અસર કરે છે; તેથી જ સાધ્યદૃષ્ટિમાં આ આત્માની ઉત્તરોત્તર પ્રગતિ થતી હોય છે. સાધ્યદૃષ્ટિ એ આત્માને ગુણસ્થાનો ઉપર ચડવાનું એક બળ છે. જે વિકારો મનદ્વારા આત્માને હેરાન કરતા હતા છતાં જેને આત્મા સતત પરિચયપણાથી કવચિત્ વિશિષ્ટ પ્રકારના બાહ્ય નિમિત્તથી સુખરૂપે અથવા કવચિત્ તેવા જ ઉલટા નિમિત્તથી દુઃખરૂપે અનુભવ કરતો હતો, તે હવે આ સાધ્યદૃષ્ટિની પ્રાપ્તિ પછી એ વિકારોની અસરને આત્મા નિર્જીવ કરી મૂકે છે એટલે મનની શક્તિનો અમલ તેવા પ્રકારે નહિ થતાં તે આપોઆપ અટકી જાય છે અને મનનો સંકલ્પ વિકલ્પનો ધર્મ હોવાથી તે શુભ વિચારણામાં જોડાય છે. જેથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આત્માને મનનું સાધન અનુકૂળ થવાથી સાધ્યકાર્ય સન્મુખ પ્રેરે છે; આમ હોઈ **સૂરિજીએ** ઠીક જ કહ્યું છે કે જિનોક્ત તત્ત્વ ઉપર રુચિ કરીને આ મનુષ્યજન્મને સફળ કરો; આ સમ્યગ્દર્શનરૂપ સ્વગુણ પ્રાપ્ત થવાથી આત્મા એક અપૂર્વ આનંદની વાટિકામાં વિહરે છે અને તેના આનંદરસનું પાન કરે છે.

પ્રસ્તુત સુંદર રાગમાં આવા અપૂર્વ ભાવસૂચક પૂજાનો ભાવ વારંવાર વિચારવાથી આત્માને બહુ જ લાભ થાય તેમ છે. શાસ્ત્રના આશયો, વિવિધ પ્રકારે જુદી જુદી પ્રકૃતિબદ્ધ આત્માઓને માટે શાસ્ત્રકારે બહુ જ વિચાર કરીને પ્રયોજેલા છે; તેમાં સુંદર રાગથી ગાનતાનમાં લય પામતી આ પૂજા પણ પ્રાણીઓને પોતાના અધિકાર પ્રમાણે, તેના આશયોનું સ્વરૂપ વિચારતાં, કર્ણોને અમૃતપાન કરાવતી, ચિત્તમાં આત્મજાગૃતિ કરાવે છે. જ્યાં સુધી આવી આત્મજાગૃતિ થતી નથી ત્યાં સુધી તે પ્રાણીઓની—વસ્તુસ્થિતિએ **સુષુપ્તિ દશા** છે—તેમ જ્ઞાનીજનો સ્પષ્ટપણે કહે છે. તે સાથે એ પણ વિચારવાનું છે કે ઉત્તમ ભાવનાપૂર્વક **સંઘસમુદાય** તીર્થપ્રતિ સાથે મળીને જાય અને તેમાં આવા આલંબનો મળે—જેથી તેવા આલંબનો અને સંયોગોની વચ્ચે જ આત્મજાગૃતિ થવી વિશેષ સંભવિત છે; કેમકે તીર્થ એ પુષ્ટાલંબન છે, છતાં એ આલંબન જુદા જુદા પ્રકારના શુભ સંયોગો પર આધાર રાખે છે. એ શુભ સંયોગોને બની શકે તેટલી રીતે એકત્ર કરી—એ આલંબન ગ્રહણ કરવાથી ધારેલું કાર્ય સફળ થાય છે. એ પણ ભૂલવું જોઇતું નથી કે એકત્રિત સંયોગોથી તીર્થક્ષેત્ર તરફ શુભ ભાવનાથી પ્રયાણ કરતાં, એક નહિ પણ અનેક જીવોનું આડકતરી રીતે કલ્યાણ થાય છે; પણ બહુધા આવી સ્થિતિમાં પ્રાણીઓનું ચિત્ત, સાધ્યબિંદુ ચુકી જાય છે અને અમૂલ્ય સમય નિરર્થક બનાવે છે. સંઘસમુદાયની આવી સ્થિતિમાં તેની **વ્યવસ્થાને** કેટલીક રીતે કેળવવાની જરૂર છે; સંઘયાત્રા અનેક પ્રાણીઓને સમ્યગ્દર્શનના કારણરૂપ ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરાવનારી હોવા છતાં, સુંદર વ્યવસ્થાના અભાવે નિકૃષ્ટ પણ થઈ જાય છે. **સુંદર વ્યવસ્થા** ગોઠવવાથી પ્રાણીઓને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બાહ્યનિમિત્ત તરફ ગૌણતા થવાથી આંતર નિમિત્તોમાં આત્માને જોડવાનો અવકાશ મળે છે. આવી સ્થિતિમાં કેટલાએક **સમ્યગ્દર્શનને** પ્રાપ્ત કરે છે, કેટલાએક વ્રત ગ્રહણ કરે છે, કેટલાએકમાં **વૈરાગ્યવાસનાનું** આરોપણ થાય છે, કેટલાકની **આત્મભૂમિકા શુદ્ધ** થાય છે અને કેટલાએકને માત્ર રુચિ પ્રકટે છે. પૂજાના આશયને વારંવાર વિચારતાં એમ જણાય છે કે આવા આલંબનો આત્માની નિદ્રાદશા દૂર કરી જાગૃતિ સમર્પે છે, **અને क्या सोवे उठ जाग बाउरे—એ** શ્રીમદ્ **આનંદઘનજીના** પદદ્વારા આત્મજાગૃતિસૂચક અવસ્થાવાળું વાકયથી થતી જાગૃતિ અનાદિકાળની મોહનિદ્રા દૂર થયા પછીનું જીવનનું વાસ્તવિક પ્રભાત છે, અને તે જ આધ્યાત્મિક પરિમલ છે. આ પરિમલનો અંશ **સૂરિજીના** કવન—આલાપો-દ્વારા પ્રાપ્ત થયેલો અમારા આત્માએ અનુભવ્યો હતો અને એ રીતે માનવજીવનની ધન્યતા અને છ—'રી' પાળતા સંઘના મંગળમય પરિણામનો આત્મસંતોષ થયો હતો.

આ. પ્ર. વિ. સં. ૧૯૭૨

---

**यः संसारनिरासलालसमतिर्मुक्त्यर्थमुत्तिष्ठते ।**
**यं तीर्थं कथयन्ति पावनतया येनास्ति नान्यः समः ॥**
**यस्मै तीर्थपतिर्नमस्यति सतां यस्माच्छुभं जायते ।**
**स्फूर्तिर्यस्य परा वसन्ति च गुणाः यस्मिन् स संघोऽर्च्यताम् ॥**

"જે [સાધુ—સાધ્વી શ્રાવક—શ્રાવિકારૂપ] **સંઘ** મુક્તિ માટે સાવધાન થાય છે, જેનો—પવિત્રપણાને અંગે 'તીર્થ' કહેવાય છે, જેની તુલનામાં બીજો કોઈ નથી, જેને તીર્થંકર પરમાત્મા નમસ્કાર કરે છે, જેથી સત્પુરુષોનું કલ્યાણ થાય છે, જેનો ઉત્કૃષ્ટ મહિમા છે, અને જેમાં ઉચ્ચ ગુણો રહેલા છે—તે **સંઘની** અર્ચના કરો."

**સિંદૂરપ્રકર**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org